# India-Turkmenistan Foreign Office Consultations

January 13, 2021

## ભારત-તુર્કમેનિસ્તાન વિદેશ કચેરીનાં પરામર્શો

જાન્યુઆરી 13, 2021

ભારત અને તુર્કમેનિસ્તાન વચ્ચે વિદેશ કચેરીનાં પરામર્શોનો 4થો રાઉન્ડ 13 જાન્યુઆરી 2021 નાં રોજ વર્ચ્યુઅલ મોડમાં યોજવામાં આવ્યો હતો. ભારતીય પક્ષની આગેવાની સચિવ (પશ્ચિમ) શ્રી વિકાસ સ્વરૂપ દ્વારા કરવામાં આવી હતી અને તુર્કમેન પક્ષની આગેવાની તુર્કમેનિસ્તાનની વિદેશી બાબતોનાં ઉપમંત્રી મહામહિમ શ્રી વેપા હાજિયેવ દ્વારા કરવામાં આવી હતી.

આ પરામર્શોએ રાજકીય, આર્થિક, વાણિજ્યીક, સંરક્ષણ, વૈજ્ઞાનિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને રાજદ્વારી સહકાર સહિત દ્વિપક્ષીય સંબંધોનાં વિવિધ પાસાઓની વ્યાપક સમીક્ષા કરવાની તક પ્રદાન કરી હતી.

બન્ને પક્ષોએ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી અને સંયુક્ત રાષ્ટ્ર તથા બહુપપક્ષીય મંચોમાં સહકારમાં વધારો કરવા સંમત થયા હતા.

આ વાતચીતો મૈત્રીપૂર્ણ અને સ્નેહપૂર્ણ વાતાવરણમાં યોજાઇ હતી. પારસ્પરિક સાનુકૂળ તારીખનાં રોજ વિદેશ કચેરીનાં પરામર્શોનો 5મો રાઉન્ડ યોજવા સંમતી થઇ હતી.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 13, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.